ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૮/૧૯-૨૦/ 1324 તારીખ: 19 MAR 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૮/૧૯-૨૦

પ્રતિ,
**અંબારામભાઈ નારણભાઈ લકુમ,**
ભવાની લાતી,મેઘાણી જીન પાછળ,
મું.ચુડા, તા.ચુડા,
**જી.સુરેન્દ્રનગર.**
**મો.નં.**

**વિષય : મંજૂર થયેલ શીફટીંગ વિજ કનેકશન ચાલુ કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૩૧/૧૨/૨૦૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૩/૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૮/૧૯-૨૦/૨૦૨ તા.૯/૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૮/૧૯-૨૦/૮૯૪ તા.૨૫/૨/૨૦૨૦.
(૩) વિભાગીય કચેરી,લીંબડી નો પત્ર નં. એલબીડી/ટેક-૧/સીજીઆરએફ-૧૧૮/૧૯-૨૦/૧૧૯૯ તા.૬/૩/૨૦૨૦.

શ્રીમાન,

આપની ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૭/૦૩/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**
પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ચુડા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**<u>કેઈસ નંબર – ૧૧૮/૧૯–૨૦</u>**

વાદી :– શ્રી અંબારામભાઈ નારણભાઈ લકુમ

**◈ વિરૂધ્ધ ◈**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**◈ <u>રજુઆતની તારીખ</u>:– ૩૧.૧૨.૨૦૧૯ ◈**

હાજર રહયા :– શ્રી અંબારામભાઈ નારણભાઈ લકુમ (પોતે હાજર રહેલ)

પ્રતિવાદી :– શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી અંબારામ નારણભાઈ લકુમ, મુ.ચુડા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની મંજૂર થયેલ શીફટીંગ વિજ કનેકશન ચાલુ કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૮/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧૮/૧૯–૨૦/૨૦૨ તા.૯.૧.૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૭.૩.૨૦૨૦ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી અંબારામભાઈ નારણભાઈ લકુમ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી ઉપસ્થિત રહેલ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>**વાદીશ્રીની રજુઆત:**</u>– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ સવિનય સાથ ઉપરોકત વિષય તથા સંદર્ભમાં જણાવવાનું કે, હું શ્રી અંબારામભાઈ નારણભાઈ લકુમ ઉ.વ.૬૬ મારો કનેકશન ગ્રાહક નં–૭૪૦૫૨/૦૩૨૫૩/૫ છે. મારૂં શીફટીંગ કનેકશન તા.૧/૮/૨૦૧૯ ના રોજ મંજૂર થયેલ છે. જેના રૂા.૬૬૦૦/– ભરેલ છે. આજ તારીખ સુધી મને વિજ કનેકશન આપેલ નથી.

૧.૨ મારા સર્વે નંબર– ૧૬૩૯ માં મારા પોતાના કુવામાં પૂરતા પ્રમાણમાં પાણી હોવાથી તમામ પ્રકારના ડોકયુમેન્ટસ મેં ચુડા પીજીવીસીએલ શ્રી મકવાણા સાહેબ અને ચાવડા સાહેબને આપેલ છે.

૧.૩ છેલ્લા પાંચ વર્ષ થી મારી મોટર કનેકશન બંધ છે. બધા જ બિલ બંધ આજ સુધી ભરતો આવ્યો છુ. મારી વાડિયા મે બાગાયત કરેલ છે. તેમાં મારા પોતાના કુવા ઉપરથી ડીઝલ એન્જીન ની પિયત કરૂ છુ. મને પણ મોંઘુ પડે છે. હુ નાનો ખેડુત છુ. ૩૬ ગુઠા જમીન ધરાવુ છુ. તે આપ સાહેબ ને મારી નમ્ર અરજ કે મને વેલામા વેલી તકે વિજ પાવર આપવા મહેરબાની કરશો.

૧.૪ માત્ર મંજૂર થયેલ શીફટીંગ કનેકશનમાં ખોટા લોકો વાંધા અરજી આપી મને અવરોધ કરે છે. કોઈ નુ પાપ એને થયેલ નથી. વાધા અરજી મેળવવા મેં શ્રી મકવાણા સાહેબ ને અરજી કરેલ પણ મને વાંધા અરજી આપેલ નથી. મને સાહેબ આપને યોગ્ય લાગે ત્યાંથી પાવર આપો કારણ કે મને ડીઝલ મોંઘુ પડે છે. મારે મોટર ની ખાસ જરૂર છે.

૧.૫ મને ખોટી રીતે પરેશાન કરવાની યોજના બનાવી છે. તો આપ સાહેબને મારી નમ્ર અપીલ છે કે, આપ મારા કનેકશનમાં રસ લઈને ચાલુ કરવવા આપશ્રીને નમ્ર અરજ કરૂ છુ. રોડ પરથી પાવર આવી શકે તેમ છે. ઘણી જગ્યાએ રોડ ઉપર લાઈન છે જાહેર રોડ છે છતા મને પાવર આપવામાં વિલંબ કરે છે.

૧.૬ તો, સાહેબ મારા શીફટીંગ કનેકશન બાબતમા મને ન્યાય ન મળે તો ન છૂટકે મારે કાયદા નો આશરો લેવો પડે તેમ છે. તો બને તેમ જડપી મારૂં શીફટીંગ કનેકશન ચાલુ કરી આપવા આપ સાહેબને મારી નમ્ર વિનંતી છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે.</u>**

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર પેટા વિભાગીય કચેરી , ચુડા ના જણાવ્યા મુજબ, ચુડા ગામની સીમ જમીન માં અબારામભાઈ નારણભાઈ લકુમ ની તેમના નામના ખેતીવાડી ના વિજ જોડાણમાં સર્વે નંબર ટ્રાન્સફર કરવાની અરજીની કામગીરી મથુરભાઈ ભૂદરભાઈ દલવાડીના ખેતર ના શેઢે થી કરવા જતા તા.૩૧/૮/૨૦૧૯ ના રોજ ઈન્વર્ડ નંબર – ૧૪૦૦ દ્વારા ચુડા ગામમાં મેઘાણી જીન પાછળ રહેતા મથુરભાઈ ભૂદરભાઈ દલવાડી દ્વરા અરજદારની નવી વિજ લાઈન સામે વાધો હોય તેઓએ ચુડા પેટા વિભાગીયની કચેરીમાં વાંધા અરજી રજૂ કરવામાં આવેલ હતી. આથી ચુડા પે.વિ.ની કચેરી દ્વારા અરજદારને મથુરભાઈ ભૂદરભાઈ દલવાડી દ્વારા લેવામાં આવેલ વાંધાની અરજીનો યોગ્ય નિકાલ કરવા તથા અન્ય જગ્યા પરથી વિજ લાઈન લેવા માટે અરજદાર ને ચુડા પે. વિ. કચેરી ના જાવક નં– ૧૧૮૭૭ દ્વારા તા.૧૧/૯/૨૦૧૯ દ્વારા પત્ર થી જાણ પણ કરવામાં આવેલ છે.

૨.૨ સદર અરજદારની વિજ લાઈન અન્ય જગ્યા પરથી ફેરવવાની જવાબદારી ચુડા પે.વિ કચેરી દ્વારા કોન્ટ્રાકટર શ્રી જે.એલ.ચાવડા ને સોંપવામાં આવેલ હતી. જેના અનુસંધાનમાં ગત તા.૩૦/૧૧/૨૦૧૯ ના રોજ કોન્ટ્રાકટર શ્રી જે.એલ.ચાવડા ના માણસો અરજદારની વિજ લાઈન ના કામ માટે ગયેલ ત્યારે પણ મથુરભાઈ ભૂદરભાઈ દલવાડી તથા ત્યાંના સ્થાનિક વ્યકિત શ્રી વિનોદભાઈ દ્વારા વિજ લાઈન સામે વાંધો લેવામાં આવેલ હતો. આથી તા.૨/૧૨/૨૦૧૯ ના રોજ ચુડા પે.વિ કચેરી ના અધિકારી દ્વારા અંબારામભાઈ નારણભાઈ લકુમ ના પ્રતિનિધિ ને સાથે રાખીને રૂબરૂ સર્વે કરવામાં આવેલ હતો તથા ગત તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ કોન્ટ્રાકટરશ્રી જે.એલ.ચાવડા ના માણસો તથા ચુડા પે.વિ.કચેરી ના અધિકારી ની હાજરીમાં વિજ લાઈન નુ કામ શરૂ કરતા, ત્યાંના સ્થાનિક વ્યકિત શ્રી વનરાજસિંહ રામભા પરમાર દ્વારા રસ્તાને લઈને વિજ લાઈન સામે વાંધો લેવામાં આવેલ હતો. જે અગે ચુડા પે.વિ. કચેરી દ્વારા જાવક નંબર–૧૫૦૭૨ વડે તા.૨૬/૧૨/૨૦૧૯ ના રોજ સદર વાંધો દૂર કરવા જણાવેલ છે.

૨.૩ આમ છતાં, અરજદાર દ્વારા તેમની વિજ લાઈન ના વાંધા નો ઉકેલ ન લાવતા ચુડા પે.વિ.કચેરી દ્વારા તા.૨૮/૨/૨૦૨૦ ના રોજ જાવક નંબર–૩૬૪૬ વડે SHRI DISTRICT MAGISTRATE, SURENDRANAGAR, DISTRICT SURENDRANAGAR સાહેબશ્રી ને સદર બાબત અન્વયે, પત્ર દ્વારા જાણ કરેલ છે.

૨.૪ જેનો યોગ્ય ચુકાદો આવ્યા બાદ અરજદારની વિજ લાઈન અંગે ની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ છે.

૨.૫ જે આપ સાહેબશ્રીની જાણ સારૂ તથા યોગ્ય થવા સારૂ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી અંબારામભાઈ નારણભાઈ લકુમ મુ. ચુડા ખેતી વિજ જોડાણ ગ્રા.નં.૭૪૦૫૨/૦૩૨૫૩/૫ થી ધરાવે છે.

૩.૨ વાદીએ તેઓના હયાત વિજ જોડાણ ને ચુડા ગામની સીમમાં સર્વે નંબર–૧૬૩૯ માં ફેરવવા માટે પ્રતિવાદી ની ચુડા કચેરી માં અરજી નોંધણી કરાવેલ.

૩.૩ પ્રતિવાદીએ આપેલ અંદાજીત પત્ર રૂ.૬૬૦૦/– તા.૧/૮/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૪ પ્રતિવાદી એ વાદી ના વિજ જોડાણ ને શીફટીગ માટેના લાઈન કામ માટે માણસોને મોકલેલ. પરંતુ, મથુરભાઈ ભુદરભાઈ દલવાડીએ કામ ન કરવા દીધેલ અને તા.૩૧/૮/૨૦૧૯ ના રોજ વાંધા અરજી રજૂ કરેલ, તેથી પ્રતિવાદી એ વાદી ને તા.૧૧/૯/૨૦૧૯ ના રોજ પત્ર થી વાદી ને જાણ કરેલ.

૩.૫ ત્યારબાદ, પ્રતિવાદી એ વાદી ના શીફટીગ માટેના લાઈનનો ફરીથી સર્વે કરી અને બીજા રૂટ ઉપરથી લાઈન નું કામ કરવા માટે કોન્ટ્રાકટર શ્રી જે.એલ.ચાવડા ના માણસો ને તા.૩૦/૧૧/૨૦૧૯ ના રોજ મોકલેલ. ત્યારે, પણ મથુરભાઈ ભુદરભાઈ દલવાડી તથા વિનોદભાઈ નામના માણસે લાઈન કામમાં વાંધો લીધેલ.

૩.૬ પ્રતિવાદી એ તા.૨/૨/૨૦૧૯ ના રોજ વાદી શ્રીઅંબારામભાઈ નારણભાઈ લકુમ ની હાજરીમાં ફરીથી સર્વે કરી અને નવા સર્વે મુજબ કોન્ટ્રાકટર શ્રી જે.એલ.ચાવડા ના માણસો ને તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ મોકલેલ. ત્યારે ત્યાનાં સ્થાનિક વ્યકિત વનરાજસિંહ રામભા પરમાર એ લાઈન સામે વાંધો લીધેલ. જે અંગેની પ્રતિવાદી એ પત્ર નં–૧૫૦૭૨ તા.૨૬/૧૨/૨૦૧૯ થી વાદી ને વાંધો દૂર કરવા માટે યોગ્ય કરવા જણાવેલ.

૩.૭ આમ, પ્રતિવાદી એ ૩ વાર સર્વે કર્યા બાદ પણ સ્થળ પર લાઈન કામ માટે ઉપર જણાવેલ વ્યકિતઓ દ્વારા વાંધો લેવાતા કામ થઈ શકેલ નહી. તેથી પ્રતિવાદીએ શ્રી ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર ને પત્ર નંબર– ૩૬૪૬ તા..૨૮/૨/૨૦૨૦ થી જાણ કરી યોગ્ય હુકમ આપવા માટે વિનંતી કરેલ.

૩.૮ પ્રતિવાદી દ્વારા તારણ નં–૩.૭ મુજબ સદર કેસને શ્રી ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, સુરેન્દ્રનગર પાસે નોંધણી કરાવી અને તેના યોગ્ય હુકમ માટે લેખિત જાણ કરેલ હોઈ જીઈઆરસી ના નોટીફીકેશન ન. ૨૦/૨૦૧૯ ના કલોઝ નં–૨.૩૩(૧) મુજબ ફરીયાદી ફોરમને ફરીયાદ કરવા હકકદાર રહેતો ન હોઈ, ફોરમ દ્વારા કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એન. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૭.૦૩.૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar